**ટાટા એસેટ મેનેજમેન્ટ દ્વારા ટાટા મલ્ટીકેપ ફંડ લોન્ચ કરાયું**
**~ એનએફઓ 16મી જાન્યુઆરીના રોજ ખૂલશે અને ૩૦મી જાન્યુઆરીના બંધ થશે ~**

**મુંબઈ, 13મી જાન્યુઆરી, 2023:** ટાટા એસેટ મેનેજમેન્ટ દ્વારા ટાટા મલ્ટીકેપ ફંડના લોન્ચની ઘોષણા કરવામાં આવી છે, જે લાર્જ કેપ, મિડ કેપ, સ્મોલ કેપ શેરોમાં રોકાણ કરતી ઓપન- એન્ડેડ ઈક્વિટી યોજના છે. રોકાણ કરવા માટે નવી ફંડ ઓફર વિંડો 16 જાન્યુઆરી, 2023ના રોજ ખૂલશે અને 30 જાન્યુઆરી, 2023ના રોજ બંધ થશે. આ પછી યોજના એકધાર્યા વેચાણ માટે અને ફાળવણી પછી પુન:ખરીદી માટે ફરીથી ખૂલશે.

આ લોન્ચ વિશે બોલતાં ટાટા એસેટ મેનેજમેન્ટના ઈક્વિટીઝના સીઆઈઓ રાહુલ સિંહે જણાવ્યું હતું કે, "ટાટા મલ્ટીકેપ ફંડ ગ્રોથ એટ રીઝનેબલ પ્રાઇસ સાથે માર્કેટ કેપ્સ, સ્ટ્રેટેજીઝ, થીમ્સ અને સેક્ટર્સના સંયોજન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે તેની અંતર્ગત ફિલોસોફીનું લક્ષ્ય એકંદર પોર્ટફોલિયોનાં જોખમ સમાયોજિત કરવાનું છે અને રોકાણકારનો પ્રવાસ સાંભવિત રીતે આસાન બનાવવાનું છે. અમે માનીએ છીએ કે ટાટા મલ્ટીકેપ ફંડ આગામી 3-5 વર્ષમાં ભારત માટે વ્યાપક આધારિત આર્થિક વૃદ્ધિના દ્રષ્ટિબિંદુની સંભાવના મઢી લેવા માટે ઉત્તમ સ્થિતિમાં છે."

ફંડના પોર્ટફોલિયોમાં કમાણીનાં ચક્રના વિવિધ તબક્કામાં કંપનીઓની જામીનગીરીઓનો સમાવેશ રહેશે, જેનું લક્ષ્ય સ્થિરતા અને તકો વચ્ચે યોગ્ય સંતુલન પૂરું પાડવાનું છે. કમાણીના ચક્રના આ ત્રણ સેગમેન્ટ્સમાં કમાણીની સ્થિરતા, કમાણીમાં અપગ્રેડ્સ અને કમાણીમાં ટર્નઅરાઉન્ડનો સમાવેશ થાય છે. આવું સંયોજન નિમ્નલિખિતની મદદ કરશે, (1) આધાર પૂરો પાડતા સ્થિર દરે વૃદ્ધિ પામતી કંપનીઓ, (2) કમાણીના ચક્રમાં ફેરફારમાંથી લાભ લેતી કંપનીઓ, જે મૂલ્યાંકન રિરેટિંગ પ્રેરિત કરી શકે અને (3) અંતે, ઉદ્યોગ અથવા મેનેજમેન્ટ ટર્નઅરાઉન્ડ પર આધાર રાખતી માઠી સ્થિતિઓમાંથી ઊભરતી કંપનીઓ.

તે નિફ્ટી 500 મલ્ટીકેપ 50:25:25 ટોટલ રિટર્ન્સ ઈન્ડેક્સ સામે બેન્ચમાર્કડ છે અને બે પ્લાન- રેગ્યુલર અને ડાયરેક્ટ ઓફર કરશે.

**ફંડની વિગતો:**

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **ટાટા મલ્ટીકેપ ફંડ** |
| **એનએફઓ તારીખ** | 16મી જાન્યુઆરી, ૨૦૨૩ થી 30મી જાન્યુઆરી, 2023 |
| **રોકાણનો હેતુ** | યોજનાનો રોકાણ હેતુ બજાર મૂડીકરણમાં ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સિક્યુરિટીઝના પોર્ટફોલિયોમાંથી લાંબે ગાળે મૂડી વૃદ્ધિ ઊપજાવવાનો છે. જોકે યોજનાનો હેતુ હાંસલ થશે જ એવી કોઇ બાંયધરી કે ખાતરી આપી શકાય નહીં. યોજના કોઇ પણ વળતરોની બાંયધરી કે ખાતરી આપતી નથી. |
| **યોજનાનો પ્રકાર** | લાર્જ કેપ, મિડ કેપ, સ્મોલ કેપ શેરોમાં રોકાણ કરતી ઓપન- એન્ડેડ ઈક્વિટી યોજના |
| **ફંડ મેનેજર** | રાહુલ સિંહ (ઈક્વિટી), મૂર્તિ નાગરાજન (ડેબ્ટ) અને અરવિંદકુમાર ચેટ્ટી (ઓવરસીજ) |
| **કો-ફંડ મેનેજર** | તેજસ ગુટકા (ઈક્વિટી) |
| **બેન્ચમાર્ક** | નિફ્ટી 500 મલ્ટીકેપ 50:25:25 ટીઆરઆઈ |
| **લઘુતમ રોકાણની રકમ (એનએફઓ દરમિયાન)** | રૂ. 5000/- અને ત્યાર પછી રૂ. 1/-ના ગુણાંકમાં |
| **લોડનુ માળખું:** | **એન્ટ્રી લોડ:** લાગુ નહીં<br><br>**એક્ઝિટ લોડ:** ફાળવણીની તારીખથી 365 દિવસની સમાપ્તિના રોજ અથવા પૂર્વે રિડેમ્પશન/ સ્વિચ-આઉટ/એસડબ્લ્યુપી /એસટીપી: જો ઉપાડની રકમ અથવા સ્વિચ આઉટ કરેલી રકમ રોકાણના મૂળ ખર્ચના ૧૨%થી વધુ નહીં હોય: શૂન્ય. |

TATA ASSET MANAGEMENT PRIVATE LIMITED
1903 B-Wing Parinee Crescenzo G-Block Bandra Kurla Complex Bandra East Mumbai 400 051
Tel 91 22 6657 8282 Fax 91 22 6617 8288
e-mail service@tataamc.com website www.tatamutualfund.com
U65990 MH 1994 PTC 077090

ફાળવણીની તારીખથી 365 દિવસની સમાપ્તિના રોજ અથવા પૂર્વે રિડેમ્પશન/સ્વિચ-આઉટ/ એસડબ્લ્યુપી/એસટીપી: જો ઉપાડની રકમ અથવા સ્વિચ આઉટ કરેલી રકમ રોકાણના મૂળ ખર્ચના ૧૨%થી વધુ હોય: લાગુ એનએવીના ૧ %.

ફાળવણીની તારીખથી ૩૬૫ દિવસની સમાપ્તિ પછી રિડેમ્પશન/સ્વિચ-આઉટ/ એસડબ્લ્યુપી/ એસટીપી: શૂન્ય.

# TATA
## મલ્ટીકેપ ફંડ

**(લાર્જ કેપ, મિડ કેપ, સ્મોલ કેપ શેરોમાં રોકાણ કરતી ઓપન એન્ડેડ ઇક્વિટી યોજના)**

**(યોજનાનું કોડ TATA/O/E /MCF/22/10/0053)**

**આ યોજના નિમ્નલિખિત લક્ષણો ચાહતા રોકાણકારો માટે અનુકૂળ છે*:**

- લાંબે ગાળે મૂડી વૃદ્ધિ ઊદ્ભુજાવવી

  લાર્જ કેપ, મિડ કેપ અડ્ગે સ્મોલ કેપ શેરોમાં  રોકાણ કરતી ઓપન-એન્ડેડ ઇક્વિટી યોજના.

***રોકાણકારોને યોજના તેમને માટે અનુકૂળ છે કે નહીં તે વિશે કોઈ પણ શંકા હોય તો તેમના ફાઈનાન્શિયલ એડવાઈઝરનો સંપર્ક કરવો જોઈએ.**

**યોજનાનું રિસ્ક-ઓ-મીટર**




રોકાણકારોએ સમજી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ અત્યંત ઉચ્ચ જોખમે છે.

**બેન્ચમાર્ક રિસ્ક-ઓ-મીટર (નિફ્ટી 500 મલ્ટીકેપ 50:25:2૫ ટીઆરઆઈ)**




અત્રે નોંધનીય છે કે ઉક્ત નિર્દેશિત રિસ્ક-ઓ-મીટર એનએફઓ દરમિયાન આંતરિક આકલન પર આધારિત છે. તે સેબી દ્વારા નિર્દિષ્ટ સમયાંતરે સમીક્ષા અને અદ્યતન કરાશે.

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે. સર્વ યોજના સંબંધી દસ્તાવેજો ધ્યાનપૂર્વક વાંચો.

TATA ASSET MANAGEMENT PRIVATE LIMITED
1903 B-Wing Parinee Crescenzo G-Block Bandra Kurla Complex Bandra East Mumbai 400 051
Tel 91 22 6657 8282   Fax 91 22 6617 8288
e-mail service@tataamc.com   website www.tatamutualfund.com
U65990 MH 1994 PTC 077090

## ટાટા એસેટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ વિશે

1994માં સ્થાપિત ટાટા એસેટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ ટાટા મ્યુચ્યુઅલ ફંડ માટે ઈન્વેસ્ટમેન્ટ મેનેજર છે. તે લગભગ 28,00,000ના રોકાણકાર મૂળ સાથે ભારતના સૌથી ભરોસાપાત્ર વેપારગૃહમાંથી એક ભારતમાં સૌથી પ્રાચીન મ્યુચ્યુઅલ ફંડ્સમાંથી એક છે. ટાટા મ્યુચ્યુઅલ ફંડ બાળપણથી નિવૃત્તિ સુધી સામાન્ય માણસોનાં રોકાણોનું વ્યવસ્થાપન કરવામાં ગૌરવ લે છે. તે સંપૂર્ણ જોખમ વળતરોના આયામમાં દરેક જરૂરતો માટે ફંડોની વ્યાપક પસંદગી આપે છે. આમાં ઈક્વિટી ફંડ્સ, હાઈબ્રિડ ફંડ્સ અને ફિક્સ્ડ ઈન્કમ ફંડ્સનો સમાવેશ થાય છે.

### વધુ માહિતી માટે સંપર્ક:

હીના ઉત્તમચંદાની

કોર્પોરેટ કમ્યુનિકેશન

ઈમેઈલ: huttamchandani@tataamc.com